**પંચમહાલ જિલ્લામાં 'જનગણના ૨૦૨૭' ની પૂર્વ તૈયારીઓનો પ્રારંભ**

## નાગરિકો માટે 'સ્વ-ગણના' પોર્ટલ 17 મે થી કાર્યરત થશે

**નાગરિકો 'જનગણના ૨૦૨૭' ને સફળ બનાવવા માટે વહીવટીતંત્રને સંપૂર્ણ સહકાર આપે તેવો અનુરોધ**



(પ્રતિનિધિ) ગોધરા, તા.12
ભારત સરકાર દ્વારા આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર રાષ્ટ્રીય જનગણના પ્રક્રિયાના ભાગરૂપે પંચમહાલ જિલ્લામાં 'જનગણના ૨૦૨૭' ની પ્રાથમિક કામગીરીનો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાના માર્ગદર્શન હેઠળ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યને સફળ બનાવવા માટેનું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. જે અન્વયે જનગણનાની કામગીરીને ક્ષતિરહિત બનાવવા માટે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૦૭ તાલુકા તાલીમ કેન્દ્રો અને શહેરી વિસ્તારની ૦૪ નગરપાલિકાઓ ખાતે ગણતરીદારો તથા સુપરવાઈઝરશ્રીઓ માટે સઘન તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ તાલીમ ગત ૧૧ મે ૨૦૨૬ થી શરૂ થઈ ચૂકી છે, જે આગામી ૨૩ મે ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. સ્વ-ગણના (Self Enumeration) ની સુવિધા:આ વખતે ટેકનોલોજીનો ઉપયોગ કરી નાગરિકોને પોતાની વિગતો સ્વયં નોંધવાની તક આપવામાં આવી છે.જેનો સમયગાળો ૧૭ મે ૨૦૨૬ થી ૩૧ મે ૨૦૨૬ સુધીનો રહેશે.જે માટે નાગરિકોએ se.census.gov.in પોર્ટલ પર જઈને પોતાની અને પરિવારની વિગતો ઓનલાઈન નોંધી શકશે. ત્યારબાદ હાઉસ લિસ્ટિંગ ઓપરેશન (HLO) અંતર્ગત સ્વ-ગણના પ્રક્રિયા બાદ, ૦૧ જૂન થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન જનગણના કર્મચારીઓ રૂબરૂ મુલાકાત લેશે. આ તબક્કામાં કર્મચારીઓ દરેક ઘરની મુલાકાત લઈને માહિતી એકત્રિત કરવાની કામગીરી હાથ ધરશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવી છે કે,આ રાષ્ટ્રીય કાર્યમાં સક્રિયપણે સહભાગી બનો. ગણતરીદારોને સાચી અને સંપૂર્ણ માહિતી આપવાની રહેશે.

આ જનગણના હેઠળ આપવામાં આવેલી તમામ વિગતો 'જનગણના અધિનિયમ' મુજબ સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે, જેનો ઉપયોગ માત્ર આંકડાકીય અને વિકાસલક્ષી આયોજન માટે જ થાય છે. પંચમહાલ જિલ્લાના તમામ નાગરિકો 'જનગણના ૨૦૨૭' ને સફળ બનાવવા માટે વહીવટીતંત્રને સંપૂર્ણ સહકાર આપે તેવો અનુરોધ જિલ્લા વહીવટીતંત્ર, પંચમહાલ દ્વારા કરવામાં આવ્યો છે.

**ચૂંટણીઓ પતી એટલે બુટલેગરો બેફામ બન્યા**

## કાલોલના ઈનોક્સ કંપની વિસ્તારેથી 2.54 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**રહેણાંક મકાનમાં પોલીસનો દરોડો, 215 બોટલ સાથે આરોપી સામે ગુનો નોંધાયો**



(પ્રતિનિધિ) કાલોલ, તા.12
પંચમહાલ જિલ્લાના કાલોલ શહેરમાં પ્રોહિબિશન પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસ દ્વારા હાથ ધરાયેલા અભિયાન અંતર્ગત મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કાલોલના બોરૂ રોડ પર આવેલી ઈનોક્સ કંપની પાસેના એક રહેણાંક મકાનમાં દરોડો પાડી પોલીસે લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ, કાલોલ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડને ચોક્કસ બાતમી મળી હતી કે અજયભાઈ મહેન્દ્રભાઈ પરમાર નામનો શખ્સ પોતાના મકાનમાં વેચાણના હેતુથી વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખી રહ્યો છે. બાતમીના આધારે સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ એમ.આર. મોહનીઆ અને તેમની ટીમે સ્થળ પર દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મકાનમાંથી ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ 215 નાની-મોટી બોટલો મળી આવી હતી. પોલીસે જપ્ત કરેલા દારૂના જથ્થાની કુલ કિંમત અંદાજે 2,54,560 હોવાનું જણાવાયું છે. આ સમગ્ર મામલે પોલીસે આરોપી અજયભાઈ મહેન્દ્રભાઈ પરમાર વિરુદ્ધ ગુજરાત નશાબંધી સુધારા અધિનિયમ-2016ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**કાલોલ નગરપાલિકામાં લોલમલોલ**

## તોડફોડ કરનાર સામે કોઈ ફરિયાદ નહીં, પોલીસે માત્ર જાણવા જોગ નોંધતા અચરજ

(પ્રતિનિધિ) કાલોલ, તા.13
કાલોલ નગરપાલિકા ખાતે શુક્રવારે પ્રમુખ અને ચીફ ઓફિસર ની કેબિનમાં તોડફોડ કરવામાં આવી હતી ચીફ ઓફિસર આ સમયે રજા ઉપર હતા સરકારી મિલકતને ભારે નુકસાન કરનાર ઈસમો સામે આજ દિન સુધી નગરપાલિકા સત્તાધીશો દ્વારા કોઈપણ પ્રકારની પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી આજરોજ ચીફ ઓફિસરને રૂબરૂમાં મળતા તેઓએ જણાવેલ કે તોડફોડ કરી તે જ દિવસે જાણવાજોગ ફરિયાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવી છે અને આ જાણવા જોગ ફરિયાદ એકાઉન્ટ દ્વારા આપવામાં આવી છે જાણવાજોગ ફરિયાદમાં કોઈપણ વ્યક્તિના નામ આપવામાં આવ્યા નથી ત્યારે સવાલ એ થાય છે કે મીડિયા સમક્ષ અને આટલા બધા લોકો સમક્ષ તોડફોડ કરનાર ઈસમો ને કેમ છાવરવામાં આવે છે. ચીફ ઓફિસરને આ બાબતે સવાલ પૂછતા ચૂંટાયેલા કોર્પોરેટર આમાં સામેલ હોવાથી પાલિકા પ્રમુખ ની મંજૂરી હોય તો જ ફરિયાદ થાય તેવું જણાવવામાં આવેલ ત્યારે કાલોલ નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા ને પૂછતા સમગ્ર બાબતે ચીફ ઓફિસરના અધિકાર ક્ષેત્રમાં આવતી હોવાથી તેઓએ જ આ બાબતે ફરિયાદ કરવા માટે અધિકૃત (કાયદેસર ) હોવાનું જણાવે છે ત્યારે સવાલ એ થાય છે કે દિન દહાડે નગરપાલિકામાં સરકારી મિલકતને નુકસાન કરતા ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? શું નગરપાલિકા ખરેખર વોર્ડ નંબર ચાર સાથે ઓરમાયુ વર્તન કરે છે? શુ છેલ્લા એક વર્ષથી વોર્ડ નંબર ચારના કોઈ કામો થયા નથી? કાલોલ નગરપાલિકા દ્વારા જાણી જોઈને દિન દહાડે મીડિયાની સામે સમગ્ર ગુજરાત રાજ્યમાં વાયરલ થયેલા વિડિયો ને જોતા પાલિકાની અંદર તોડફોડ કરવામાં આવે છે તેમ છતાં પણ કેમ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી?

## ફતેપુરા તાલુકા પંચાયતના વી.સી.ઈ ભ્રષ્ટાચાર કરતા ફરજ મુક્ત કરાયા



(પ્રતિનિધિ) દાહોદ, તા.12
ફતેપુરા તાલુકા પંચાયતમાં જન્મના દાખલા માટે નાણાં લેવાતા હોવાનો વીડિયો વાયરલ થતા જિલ્લામા ચકચાર મચી હતી આ વીડિયો વાયરલ ના પગલે ફતેપુરા તાલુકા વિકાસ અધિકારીએ તપાસ આરંભી હતી તપાસ મા ભ્રષ્ટાચાર થયો હોવાનું સાબિત થતા તેને તાત્કાલિક અસર થી ફરજ મુકત કરતો હુકમ કરવામાં આવતા જિલ્લામાં આવા ભ્રષ્ટાચારી અધિકારીઓ કર્મચારીઓ મા ભય નુ મોજું છવાયું છે ફતેપુરા ગ્રામ પંચાયત માં ફરજ બજાવતા કવિજય પરમાર દ્વારા જન્મ ના દાખલા માટે 200 રૂપિયા લેવાતો વિડિયો વાયરલ થયા બાદ તાલુકા વિકાસ અધિકારીએ હરકત માં આવી અને તપાસ આરંભી હતી તપાસ મા વિજય વી સી ઈ વિજય દ્વારા ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું સાબિત થયું હતું તેથી ભ્રષ્ટાચારી વિજય પરમાર ને ફરજ પરથી મુકત કરતો લેખિત હુકમ ફતેપુરા તાલુકા વિકાસ અધિકારે દ્વારા કરવામાં આવ્યો હતો નિયમ મુજબ જે સેવા મફત અથવા નજીવા દરે મળવી જોઈએ તેના સ્થાને આવા કર્મચારીઓ જનતા ને લૂંટી રહ્યા છે ત્યારે ફતેપુરા ટીડીઓ દ્વારા ભ્રષ્ટાચાર સામે કરવામાં આવેલી આકરી કાર્યવાહીથી તાલુકામાં અનૈતિક રીતે જનતા પાસેથી નાણાં પડાવતા અધિકારીઓ કર્મચારીઓમા ફફડાટ ફેલાયો છે.

**ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ કામગીરીનો આરંભ**

## દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં મોબાઈલ ટીબી એક્સ-રે વાન દ્વારા વિશાળ આરોગ્ય તપાસ




(પ્રતિનિધિ) દાહોદ, તા.2
ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના તમામ તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં 100 દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ હેઠળ વિશેષ આરોગ્ય કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતરિયાળ અને હાઈ રિસ્ક વિસ્તારોમાં મોબાઈલ ટીબી એક્સ-રે વાન દ્વારા લોકો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી હતી. આ અભિયાન દરમિયાન વર્ષ 2025-26 દરમિયાન કુલ 26,414 શંકાસ્પદ લાભાર્થીઓના ટીબી એક્સ-રે કરવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન 607 ટીબી દર્દીઓની ઓળખ કરવામાં આવી હતી. ઉપરાંત 2,389 લાભાર્થીઓની NAAT તપાસ પણ કરવામાં આવી હતી, જેથી ટીબીની વહેલી તકે ચોક્કસ ઓળખ શક્ય બની હતી. આરોગ્ય કેમ્પોમાં ટીબી તપાસ ઉપરાંત વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ સહિતની વિવિધ આરોગ્ય તપાસ સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેના કારણે ગ્રામ્ય જનતાને એક જ સ્થળે બહુમુખી આરોગ્ય સેવાઓનો લાભ મળ્યો હતો. આ સમગ્ર કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય વિભાગની વિવિધ ટીમો – મેડિકલ ઓફિસર, તાલુકા ટીબી સુપરવાઈઝર, મોબાઈલ વાન ન એક્ષરે ટેકનીશ્યન,પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર (CHO), મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (MPHW), ફીમેલ હેલ્થ વર્કર (FHW), આશા ફેસિલિટેટર તથા આશા બહેનો – દ્વારા સક્રિય અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

**આજના આધુનિક યુગમાં અંધશ્રદ્ધાનો વરવો કિસ્સો**

## બિમાર બાળકને સાજો કરવા ભુવાજી ગરમ સોંયના ડામ દીધા

(પ્રતિનિધિ) કાલોલ, તા.12
ગુજરાત મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સીમાવતી વિસ્તારોમાં આજના આધુનિક યુગમાં પણ અંધશ્રદ્ધાએ ઘણી મોટી સમસ્યા છે આવો જ એક જીવંત પુરાવો દાહોદમાં જોવા મળ્યો છે. અરવિંદભાઈ રાણાના બે મહિનાના પુત્ર યુવરાજને શરદી ખાંસી અને શ્વાસની તકલીફ થતા તેનો ઈલાજ કરાવતા ૨૩ એપ્રિલ સવારે ૧:૦૦ વાગ્યા ના સુમારે માતા પિતા બાળકને લઈને દાહોદ તાલુકાના જાલતમાં રહેતા ભુવા જયેશ સોલંકી પાસે પહોંચ્યા હતા ભુવાએ ઈલાજ કરવાના નામે ક્રુરતા ની હદ વટાવી દીધી હતી દીવો સળગાવી પાતળી સોય ગરમ કરી અને બાળકના નાજુક શરીર ઉપર ચાર જગ્યાએ ડામ આપ્યા હતા જેની પીડાથી બાળકની હાલત બગડ તા તેને તાત્કાલિક જાબુ વાના દવાખાને લઈ ગયા હતા ત્યાં ફરજ પરના તબીબે બાળકની તપાસ કરતા તેના શરીર ઉપર તાજા ડામના નિશાન જોયા હતા અંધશ્રદ્ધા ના ખેલને જોઈને તબીબે પોલીસમાં જાણ કરી હતી.

જાબુઆ પોલીસે પરિવારનું નિવેદન લીધા બાદ ઘટના દાહોદ જિલ્લાની હોવાથી પોલીસને જાણ કરી હતી અને ત્યારબાદ ૯ મે 2026 ના રોજ કતવારા પોલીસ મથકે આરોપી ભુવા જયેશ સોલંકી વિરોધ ગુનો દાખલ કર્યો હતો.

## દાહોદમાં જ્વાલા માતાનો ૧૯ મો પાટોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા.12
દાહોદ શહેરમાં જ્વાલા માતાનો ૧૯ મો પાટોત્સવની ભારે હરસોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી શહેરના પ્રસિદ્ધ નગરમાં ત્રણ દિવસ દરમિયાન વિવિધ કાર્યક્રમો થકી પાટોત્સવ ઉજવાયો હતો. તેમાં પ્રથમ દિવસે સુંદરકાંડનું આયોજન કરાયું હતું. તેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા તો ત્યારબાદ બીજે દિવસે જ્વાલા માતાની શોભાયાત્રા બેન્ડવાજાના સથવારે શહેરના રાજમાર્ગો પર કઢાવામાં આવી હતી તેને અને ત્રીજા દિવસે માતાજીની મહા આરતી અને પ્રસાદીનો કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના લોકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

## પંચમહાલ ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલનું નિધન

**ગામજનો અને ભાજપ કાર્યકરોમાં શોકની લાગણી વ્યાપી**



(પ્રતિનિધિ) કાલોલ, તા.12
અશ્વિનભાઈ પટેલ ભાજપ સંગઠનમાં "અશ્વિન કાકા" તરીકે જાણીતા અને લોકપ્રિય નેતા હતા. તેમના નિધનની ખબર મળતા ગામજનો, ભાજપના કાર્યકરો તેમજ રાજકીય આગેવાનોમાં દુઃખની લાગણી ફેલાઈ ગઈ હતી. પંચમહાલ જિલ્લાના સાંસદ, કાલોલના ધારાસભ્ય સહિત ભાજપના અનેક આગેવાનો અને કાર્યકરોએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પર પણ મોટી સંખ્યામાં પોસ્ટ મૂકી કાર્યકરો અને ગામજનોએ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અશ્વિનભાઈ પટેલે ભાજપ સંગઠનને મજબૂત બનાવવા મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમના સરળ સ્વભાવ અને કાર્યશૈલીને કારણે તેઓ સામાન્ય કાર્યકરોથી લઈને આગેવાનો સુધી સૌમાં લોકપ્રિય રહ્યા હતા. ગામજનો અને ભાજપ કાર્યકરોનું કહેવું છે કે "અશ્વિન કાકા" જેવા લોકપ્રિય અને સેવાભાવી નેતાની ખોટ હંમેશા અનુભવાશે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે અને પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી સર્વત્ર પ્રાર્થના કરવામાં આવી રહી છે.

## દાહોદ નવજીવન મીલ રસ્તે વીજ ટ્રાન્સફોર્મર માં આગ લાગતા અફરાતફરી મચી



**દાહોદ :** દાહોદ શહેર સહિત જિલ્લામાં પાછલા બે દિવસથી કાળઝાળ ગરમીમાં લોકો શેકાઈ રહ્યા છે તેવા સમયે શહેરના નવજીવન મિલ રસ્તે સ્થિત કલ્યાણ ફિરના ટ્રાન્સફોર્મરમાં ભર બપોરે એકાએક આગ લાગતા દોડધામ મચી હતી ભર બપોરે લાગેલી આગના કારણે ભારે અફરાતફરી સર્જાઈ હતી આ ઘટનાની જાણ દૃષ્ટદૃષ્ટક અને ફાયરને કરાતા કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ફાયરના લાસ્કરોએ આવી પાણીનો મારો કરી આગ ઉપર કાબુ મેળવતા હાશકારો થયો હતો આ ઘટના બનતા વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાતા લોકો પરેશાન બન્યા હતા નસીબ જોગે કોઈ મોટી હોનારત બની ન હતી

**પ્રમુખ ઉપપ્રમુખની રેસમાં લોબિંગ, 'સરપ્રાઈઝ' ફોર્મ્યુલા ગરમ**

## દાહોદ નગરપાલિકામા પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી સભ્ય પદની પસંદગીમાં જરા પણ ગફલત થઈ તો સંગઠન સીધું જવાબદાર ગણાશે

**ભ્રષ્ટાચારનાં ડાઘ અને જનતાની પીડા વચ્ચે કોણ બનશે દાહોદ નગરના પ્રથમ નાગરિક ?**

(પ્રતિનિધિ) દાહોદ, તા.12
હાલમા ઘણી ઘોરી વિનાની દાહોદ નગર પાલિકા નુ નવુ બોડ ક્યારે બનશે પાણી વિતરણ ની વ્યવસ્થા લગડાઈ ડોર ટુ ડોર કચરા કલેક્શન ની કામગીરી ખોરવાઈ દાહોદ નગર પાલિકાની ગત માસના અંતિમ સપ્તાહમા યોજાયેલ ચૂંટણીના પરિણામ આવી ગયા જેમાં ભાજપ ને જનતા ઉપર આશા રાખી હતી તેના કરતા ઓછી 20 બેઠકો મળી અને કોગ્રેસ ને ધાર્યા કરતા વધુ એટલે કે 14 બેઠકો મળી અને પાર્ટી માંથી બળવો કરી બે અપક્ષ બેઠકો લઈ ગયા દાહોદ નગર પાલિકામાં પ્રમુખ, ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતનાં પદાધિકારીઓની વરણી મામલે રાજકીય ગરમાવો અને અટકળો ફેલાયેલી છે. નગરપાલિકાનાં પ્રમુખ પદની પ્રથમ અઢી વર્ષની ટર્મ એસ ટી મહિલાનો વારો છે અને ભાજપ મા પ્રમુખ પદ માટે બે મહિલાઓના નામ ચર્ચા મા છે અંદરખાને તો જીલ્લામાં સોથી કદાવર મનતા મોટા માથાની ભલામણ ના કારણે એક નામ ઉપર તો પ્રમુખ પદની મહોર મારી દેવાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે પરંતુ પ્રમુખ પદ માટે બે મહિલા દાવેદાર હોવાથી પ્રમુખ પદ ની મહોર મારવાની પ્રક્રિયામાં કોઈ વાંધો વાચકો ઉભો થાય તો ભાજપ ની બોર્ડ બનાવવાની મંછા પર પાણી ફરી શકે તેવો ભય હોવાનુ પણ ચર્ચામાં છે ભાજપ દ્વારા સૌ-સૌનું નાટક રમાયું છે, પરંતુ શહેરની જનતા અને કાર્યકરોમાં ચર્ચા છે કે અંતે તો કોયલામાંથી હિરલું નીકળી શકે છે. દાહોદમાં પ્રમુખ, ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેન પદ માટે અત્યારે ભારે ખેંચતાણ ચાલી રહી છે. કેન્દ્ર સરકારનાં મોટા માથાની ઈચ્છા તેમના ખાસ માનીતાને પ્રમુખ બનાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તેમણે પ્રદેશ હાઈકમાન્ડના ટોચનાં નેતાઓ સુધી દબાણ કર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, ભાજપની રણનીતિ હંમેશા ચોંકાવનારી રહી છે. જો પક્ષ મહિલા ભણેલીગણેલી મહિલા પ્રમુખની વરણી કરે તો નવાઈ નહીં. દાહોદમાં ખાસ કરીને શહેર ના ઘણા વિસ્તારમાં પાણીની સમસ્યા વિકટ છે.

વર્ષોથી ભાજપનું શાસન હોવા છતાં ભાજપ ના નેતા છેલ્લા 25 વર્ષથી ચૂંટાતા હોવા છતાં પાણીનો પ્રશ્ન ઉકેલાયો નથી. લોકોનું કહેવું છે કે પાણીની સમસ્યા ને લઈ લોકો ને ટેન્કર થી પાણી મગાવું પડે છે ટેન્કર માફિયાઓ સાથેની મિલીભગતને કારણે જનતાને શુદ્ધ પાણી માટે વલખાં મારવા પડે છે.

**112 જનરક્ષક પોલીસની સમયસૂચક કામગીરીથી યુવકનો જીવ બચ્યો**

## બ્રેકઅપથી નિરાશ થઈ યુવકે પાવાગઢ જંગલમાં આત્મહત્યાનો પ્રયાસ કર્યો

**યુવકને વડોદરા રિફર કરવામાં આવ્યો હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે**



(પ્રતિનિધિ) હાલોલ, તા.12
પ્રેમ સંબંધમાં નિષ્ફળતા મળતા નિરાશ થયેલા યુવકે પાવાગઢના જંગલમાં જઈ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે 112 જનરક્ષક પોલીસની સતર્કતા અને સમયસરની કામગીરીના કારણે યુવકનો જીવ બચાવવામાં સફળતા મળી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, શિવરાજપુર બાજુના ગામમાં રહેતા રાકેશ રાઠવાનો હાલોલના અરાદ રોડ વિસ્તારમાં રહેતી જ્યોતિ સાથે પ્રેમ સંબંધ હતો. દરમિયાન યુવતીના જીવનમાં અન્ય યુવક આવતા તેણીએ રાકેશ સાથેનો સંબંધ તોડી નાખ્યો હતો. ત્યારબાદ રાકેશ સતત યુવતીને સમજાવવાનો પ્રયાસ કરતો હતો. માહિતી મુજબ યુવતીએ રાકેશને સ્પષ્ટ શબ્દોમાં પીછો ન કરવા જણાવ્યું હતું તેમજ ફરી હેરાન કરવાથી પોલીસ કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. જેના કારણે રાકેશ માનસિક રીતે ભારે નિરાશ થઈ ગયો હતો. બાદમાં રાકેશે બજારમાંથી દોરી ખરીદી પાવાગઢના જંગલમાં પહોંચી ઝાડ પર દોરી બાંધી ફાંસો ખાવાનો પ્રયાસ કર્યો હતો. આત્મહત્યા કરતા પહેલા તેણે 112 જનરક્ષક સેવામાં ફોન કરી પોતાની સ્થિતિ અંગે માહિતી આપી હતી. ફોન મળતા જ પોલીસે ચતુરાઈપૂર્વક યુવકને લાંબા સમય સુધી વાતોમાં વ્યસ્ત રાખ્યો હતો અને સાથે જ તેનું લોકેશન ટ્રેસ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. લોકેશન મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી યુવકનો જીવ બચાવવામાં સફળ રહી હતી. પોલીસે તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી યુવકને સારવાર માટે હાલોલની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. ત્યાંથી વધુ સારવાર અર્થે તેને વડોદરા રિફર કરવામાં આવ્યો હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.